# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૧૩, ૩૯ થી ૪૩, તથા કળશટીકા કળશ ૮
# અમૃતપ્રભાત એપાર્ટમેંટ-રાજકોટ, તા. ૬/૯/૯૧, પ્રવચન LA202

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એની ૧૩ નંબરની ગાથા ચાલે છે, સમ્યગ્દર્શન કેમ થાય? સમ્યગ્દર્શન તો શુદ્ધાત્માને આશ્રયે જ થાય છે. તે તો અનાદિ-અનંત નિયમ છે. તે નિયમમાં કોઈ ફેરફાર થતો નથી. પણ હવે તેના બે પ્રકારથી સમજાવે છે.

એક તો આત્મામાં આ નવ તત્ત્વનો અભાવ છે. એવા શુદ્ધાત્માનું લક્ષ કરતાં, આશ્રય કરતાં, અવલંબન કરતાં નિયમથી સમ્યગ્દર્શન થાય છે. એમ ૧૧મી ગાથામાં કહ્યું. હવે અહીંયા પણ કહેવું તો એ જ છે. પણ ત્યાં નવ તત્ત્વથી ભિન્ન કહ્યું હતું તો કોઈ એમ ન સમજે કે નવ તત્ત્વ જેવી જગતમાં કોઈ વસ્તુ જ નથી. જે નવ તત્ત્વ છે માટે તેનો આત્મા કર્તા છે એમ પણ નથી. બેય ગાથામાં તફાવત છે.

૧૧મી ગાથામાં એમ કહ્યું કે વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે. એટલે આત્માના સ્વભાવમાં પર્યાયો નથી. હોય તો કર્તા અકર્તાનો પ્રશ્ન થાય. જે છે જ નહીં આત્મામાં તો પછી એવા દ્રવ્ય સ્વભાવની દ્રષ્ટિ કરતાં તેને અનુભવ થઈ જાય છે. પછી વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહ્યો ૧૨મી ગાથામાં, એટલે કે પર્યાયો છે અને પર્યાયનો જ્ઞાતા પણ એ સાધક રહે છે, સવિકલ્પદશામાં. નિર્વિકલ્પધ્યાનમાં તો પર્યાયનો જ્ઞાતા રહેતો નથી પણ સવિકલ્પદશામાં પર્યાયોનો જ્ઞાતા છે. પર્યાયો છે એમ કહ્યું ૧૨મી ગાથામાં, તેના અનુસંધાનમાં ૧૩મી ગાથામાં તો કહે છે કે પર્યાયો તો છે, પણ પર્યાયનો આત્મા કર્તા નથી. ૧૧મી (ગાથા)માં તો નથી એમ કહ્યું, એટલે કર્તા અકર્તાનો પ્રશ્ન તેમાં રહેતો નથી. પણ કોઈ અન્યમતિ એમ માને કે પર્યાય છે જ નહીં અસ્તિપણે. એમ છે નહીં, પર્યાયો છે. પછી ૧૨મી ગાથામાં જાણેલો પ્રયોજનવાન કહ્યો.

૧૩મી ગાથામાં એ પર્યાયો છે પણ એ પર્યાયોનો કર્તા આત્મા નથી. થવા યોગ્ય થાય છે એમ જેના ખ્યાલમાં આવે પ્રથમ, કે નવ તત્ત્વો પોતાની યોગ્યતાથી થાય છે આત્મા એનો કરનાર નથી. ઓમાં નવ તત્ત્વનો તો અભાવ બતાવ્યો ૧૧મી ગાથામાં. અહીંયા નવ તત્ત્વનો સદ્ભાવ બતાવ્યો. સદ્ભાવ બતાવીને પણ હોવા છતાં પર્યાય થાય છે છતાં પણ તેનું કર્તાપણું આત્માના સ્વભાવમાં નથી. એમ કરીને કર્તાબુદ્ધિ છોડાવે છે. અને તે નવ તત્ત્વ હોવા છતાં એ જ્ઞાનનું જ્ઞેય નથી. ૧૨મી ગાથામાં સવિકલ્પદશામાં સાધકને જ્ઞાનનું જ્ઞેય કહ્યું, સાધક થયા પછી જ્ઞાનનું જ્ઞેય સ્થાપ્યું છે, જાણેલો પ્રયોજનવાન. તો અહિયાં કહે છે કે ભલે નવ તત્ત્વ છે પણ જે આત્મજ્ઞાન થવા માટે જ્ઞેય થતું નથી. જો એ તને કર્મપણે જણાય, કર્તાનું કર્મ જણાય તો પણ અનુભવ નહીં થાય. અને એ જ્ઞાનનું જ્ઞેય તું માનીશ તોપણ અનુભવ નહીં થાય. પણ સાહેબ ૧૨મી ગાથામાં તો જ્ઞાનનું જ્ઞેય કહ્યું હતું ને?

તે વ્યવહાર કહ્યો હતો. શું કહ્યું?

જ્ઞાનનું જ્ઞેય અમે કહ્યું છે, અમે એમાંથી પાછા ફરતા નથી અમારી કહેલી વાતમાં. પણ તે નિશ્ચયપૂર્વકનો વ્યવહાર હતો. આ કહે છે કે પરિણામ થવા યોગ્ય થાય છે એનો કરનાર તું નથી, અને અંતરદ્રષ્ટિ વડે દ્રવ્ય સ્વભાવની સમીપે જઈને જોવામાં આવે તો તે પર્યાયના ભેદો જ્ઞાનનું જ્ઞેય પણ થતું નથી. ધ્યાનનું ધ્યેય ન થાય, કર્તાનું કર્મ પણ ન થાય અને જ્ઞાનનું જ્ઞેય ન થાય. એમ જ્યારે શિષ્યે વાત સાંભળી બહિરદ્રષ્ટિ હતો. શિષ્યે વાત અલૌકિક સાંભળી, સાંભળતાંવેંત અંદરમાં ચાલ્યો ગયો અને અનુભવ થયો. પછી અંતરદ્રષ્ટિથી જુએ છે તો, સાધક જુએ ત્યારે, ઓલી કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિ ગઈ.

મિથ્યાદ્રષ્ટિને નવ તત્ત્વમાં કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિ હોય છે. જ્ઞાતાબુધ્ધિ કેમ કહી? કે એને જ્ઞાયક જ્ઞેય હોવા છતાં, બાળગોપાળ સહુને ભગવાનઆત્મા અનુભવમાં આવતો હોવા છતાં તેના જ્ઞાનમાં તે જ્ઞાયક જ્ઞેય નહોતું થતું. એના ઇંદ્રિયજ્ઞાનમાં એ ભેદને જાણતો હતો ભેદને જાણીને એ મારા જ્ઞાનનું જ્ઞેય છે એમ તેને ભ્રાંતિ થતી હતી. અને જે જ્ઞેય થાય તે કર્મ થઈ જાય. પર્યાય જ્ઞેય થતી હતી ને અજ્ઞાન અવસ્થામાં. પર્યાયો છે, પર્યાયો નથી એમ નથી. પણ તે જ્ઞાનનું જ્ઞેય નથી. એટલે કર્તાનું કર્મ પણ નથી. રાગ જણાય તો કર્તાનું કર્મ થાય. રાગ જણાતો જ નથી જાણનારો જણાય છે જ્યારે ત્યારે ઉપશમ સમ્યગ્દર્શન થાય છે પ્રથમ.

અનાદિ મિથ્યાદ્રષ્ટિ હોય એને ઉપશમ થાય. સાદિ મિથ્યાદ્રષ્ટિ હોય તેને આ કાળમાં પણ ઉપશમ ન થાય પણ ક્ષયોપશમ સમ્યગ્દર્શન થાય. કેમકે બીજી વખતે ઉપશમ થવાનો કાળ તો બહુ લાંબો છે વચ્ચે ગાળો. એ વાત કરે છે કે જ્યારે શ્રી ગુરુ પાસેથી, સદગુરુ પાસેથી સાંભળ્યું, ગુરુની સમીપે સાંભળે તે રીતે ગુરુ નિમિત્ત હોય અને નહિતર સુપાત્ર જીવને જિનવાણી નિમિત્ત થાય છે. આપણા ગુરુદેવને વર્તમાનમાં કોઈ ગુરુ નહોતા, સુપાત્ર જીવ હતા તેને સમયસાર આદિ શાસ્ત્ર નિમિત્ત થયા. પૂર્વે દેશનાલબ્ધિ સાંભળી હોય તો એને જિનવાણીના કારણે નિમિતથી પણ અંતર્મુખ થઈને અનુભવ થઈ જાય. એકવાર તો જિનવાણીના સંસ્કાર હોય છે અંદર, સત્ય વાણી, હોં! જ્ઞાનીની વાણી સાચી વાણી છે. અજ્ઞાનીની વાણી નિમિત્ત પણ થતું નથી.

એ જ્યારે અંતરદ્રષ્ટિથી તેણે જોયું ભગવાનઆત્મા નવતત્ત્વનો કર્તા નથી અને એ મારા જ્ઞાનનું જ્ઞેય નથી. એ જ્ઞાનનું જ્ઞેય હતું, ઇન્દ્રિયજ્ઞાનનું જ્ઞેય હતું અને હું માનતો હતો એ મારું જ્ઞેય છે, એ મારી ભૂલ હતી. મારું જ્ઞેય તો ત્રિકાળી સામાન્ય ભગવાનઆત્મા જ્ઞાનનું જ્ઞેય. આહાહા! એમ આત્મા પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતે જણાયો માટે પોતે કર્મ. આમ કર્તા કર્મ હોવા છતાં, નથી. કાલ આવ્યું હતું, નથી. તો ભેદ નીકળી જાય છે, એટલો ભેદ નીકળી જાય છે. હું કર્તા અને આ મને જ્ઞાયક જણાયો તે મારું કર્મ તે ભેદ નીકળી જાય છે, કર્તા કર્મનો. એમ આ પરિણામ મારું જ્ઞેય ત્યાં સુધી એ જ્ઞાતા-દ્રષ્ટાની એ બુધ્ધિ એની ખોટી હતી. પરિણામનો જ્ઞાતા નથી આત્મા. પરિણામનો જ્ઞાતા હોય અને પરિણામ જે (છે) એને જાણે અને પરિણામ જ્ઞેય હોય તો બધાને અનુભવ થવો જોઈએ. પણ પરિણામ જ્ઞેય થવા છતાં આત્માનો અનુભવ થતો નથી. એટલે જ્ઞેયની ભૂલ છે. આહાહા!

જ્ઞેય વિષે મોટી ભ્રાંતિ છે. પરિણામ જ્ઞાનનું જ્ઞેય નથી, આત્મજ્ઞાનનું જ્ઞેય નથી. એ ઇન્દ્રિયજ્ઞાનનું જ્ઞેય છે. આત્મજ્ઞાનનું જ્ઞેય તો ત્રિકાળી સામાન્ય એકરૂપ ભગવાનઆત્મા, એ જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા! આત્માને આત્મા વડે અથવા આત્માથી આત્માને જાણ્યો. જાણ્યો પણ નથી જાણ્યો. આત્મા પરને જાણે છે ને રાગને જાણે છે એ તો દિલ્હી બહુ દૂર છે. એ જ્ઞેય મારું નથી. પણ છ દ્રવ્ય મારું જ્ઞેય નહીં, દેવ-ગુરુ-શાસ્ત્ર મારું જ્ઞેય નહીં, સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા જ્ઞાનનું જ્ઞેય નથી. એ તો બધા બાહ્ય તત્ત્વ છે, બહિરતત્ત્વ. પ્રમાણની બહાર. આ તો પ્રમાણની અંદર એક અંશ પર્યાય પ્રગટ થાય છે એ પણ મારા જ્ઞાનનું જ્ઞેય નથી. મારા જ્ઞાનનું જ્ઞેય તો પર્યાયમાત્રથી ભિન્ન ભગવાન જે આત્મા જે દ્રષ્ટિનો વિષય છે તે જ જ્ઞાનનું જ્ઞેય થાય છે. આહાહા!

એમ જાણીને આત્મા આત્માને જાણે છે. હું પરને જાણું છું અને પર્યાયને પણ જાણું છું તેનો નિષેધ આવ્યો. હવે અંદર વિધિમાં આવ્યો, વિધિમાં. આત્માને આત્માથી જાણું છું. મારે જાણવાનો વિષય મારું જ્ઞેય તો મારો જ્ઞાયકદેવ છે. આ નવતત્ત્વના ભેદ મારા જ્ઞાનનું જ્ઞેય નથી, એ બીજાનું જ્ઞેય છે. જો મારું જ્ઞેય હોત તો મને આત્મઅનુભવ થવો જોઇએ. પર્યાયની કર્તાબુદ્ધિમાં અનંતકાળ ગયો અને પર્યાયને જાણું છું એવી મિથ્યાબુદ્ધિમાં અનંતકાળ ગયો.

હવે એ આત્મા પાછો ફરે છે કે એ જ્ઞાનનું જ્ઞેય નથી પર્યાયનો ભેદ, તે પરદ્રવ્ય છે. પરદ્રવ્ય જ્ઞાનનું જ્ઞેય થતાં આત્મા જ્ઞાનનું જ્ઞેય છૂટી જાય છે, એટલે અનુભવ થતો નથી. હવે આત્મા, આત્માને આ આત્મા જાણે છે. આ આત્માને આત્મા જાણે છે. આત્મા પરિણામને જાણતો નથી. પ્રમાણની બહાર તો દૂર રહ્યો પણ પ્રમાણની અંદર એક અંશ છે પર્યાયનો એને પણ જાણવાનું બંધ કરું છું. આહાહા! મારા જ્ઞાનનો વિષય જ નથી ને? પણ ૧૨મી ગાથામાં કહ્યું જાણેલો પ્રયોજનવાન, એ વ્યવહારની વાત છે. આહાહા! અત્યારે અહીયાં ચાલે છે વ્યવહારનો નિષેધ કરીને નિશ્ચય કેમ પ્રગટ થાય તેની વાત ચાલે છે. ઓલો સાધક થયા પછી સવિકલ્પદશાના દોષની વાત હતી. એ સાધકના દોષને તે ગુણ માન્યો. સાધક પણ આત્મપરિણામને તો જાણે છે અને હું પરિણામને જાણું તેમાં શું દોષ? કે એને પૂછ તો ખરો કે એ પરિણામને આત્માનું જ્ઞાન જાણે છે કે બીજું જ્ઞાન જાણે છે? આહાહા!

આત્માનું જ્ઞાન આત્માને છોડીને ભેદને જાણવા જતું જ નથી, છૂટતો નથી, ઉપયોગ આત્મામાં ચોંટેલો. આહાહા! કોઇ અલૌકિક, અપૂર્વ નહીં સાંભળેલી વાત હું તને કહીશ. તે કામ, ભોગ, બંધનની કથા તો સાંભળી છે. કે પરિણામને આત્મા કરે અને પરિણામને આત્મા ભોગવે અને બહુ આગળ વધે તો પરિણામને જાણે. આહાહા! એ પરિણામ આત્માનું કર્મ પણ નથી અને જ્ઞાનનું જ્ઞેય પણ નથી. આહાહા! બહુ અલૌકિક વાત છે. સદગુરુ પાસેથી શિષ્યે વાત સાંભળી અને અંદરમાં જઇ કર્મ બનાવવાનું છોડે છે અને જ્ઞેય બનાવવાનું છોડી દયે છે, મને તો જાણનારો જણાય છે. પર મને જણાતું નથી. પરદ્રવ્ય મને જણાતું નથી. આ પરિણામના ભેદો નવતત્ત્વ એ પરદ્રવ્ય છે. એ સ્વદ્રવ્ય નથી. એનાથી આત્મા પરાન્મુખ થાય છે. પરાન્મુખ થઈને અંતરમાં જયાં ગયો, (ત્યાં) સાક્ષાત્ આત્માના દર્શન થયા. ત્યારે સમ્યગ્દ્રષ્ટિ થયો. પછી કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ તો ગઈ પણ કર્તાનો ઉપચાર અને જ્ઞાતાનો ઉપચાર સવિકલ્પદશામાં રહી જાય છે. એને ઓળંગીને પાછો

અંદરમાં ચાલ્યો જાય છે.

બે તબક્કા ધર્મના છે. એક ગૃહસ્થ અવસ્થામાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ પહેલો, પહેલો પાયો એકડો અને પછી સ્વરૂપમાં લીન થઈ ચારિત્ર પ્રગટ કરવું તે બીજો ધર્મનો બીજો પ્રકાર છે. ધર્મના બે પ્રકાર છે. એક ગૃહસ્થ ધર્મ શ્રાવક ધર્મ અને એક મુનિરાજનો ધર્મ-ચારિત્ર. આહાહા! અલૌકિક વાતો બહાર આવી છે ગુરુદેવના પ્રતાપે. અનંતો ઉપકાર છે. આ વાત ક્યાંય જગતમાં હતી નહીં. આહાહા! બીજા જ્ઞાનીઓ પણ થયા ઘણા અને પોતાનું કરીને ચાલ્યા ગયા, મોક્ષમાર્ગમાં ઉતરીને મોક્ષમાં જશે, પંચમકાળના જીવો પણ. પણ આ પ્રકારની જે ચોખવટ, આહાહા! આ પ્રકારનું સ્પષ્ટીકરણ, એક મોવાળાની ચાર ચીર નથી કહેતા આપણામાં? આહાહા! કહેવત છે ને? બધું તાણાવાણા જુદા જુદા કરી (નાખ્યા).

કહે છે અંતરદ્રષ્ટિ વડે જોવામાં આવતાં નવતત્ત્વ છે અને પરિણામો થાય છે. એવો કર્તાપણાનો ઉપચાર કર્તાબુદ્ધિ ગઈ અને કર્તાનો ઉપચાર સવિકલ્પદશામાં રહ્યો. નિર્વિકલ્પધ્યાનમાં તો કર્તાનો ઉપચાર પણ ચાલ્યો જાય છે. અને પરિણામ છે એનો ઉપચારથી જ્ઞાતા પણ થાય છે. જે ૧૨મી ગાથામાં કહ્યું તે. પણ એ એક જ્ઞાતાપણાના ઉપચારને પણ ઓળંગી અને ફરીથી એ જ્ઞાયકને ઉપયોગાત્મક જ્ઞેય બનાવે છે. પરિણતિમાં જ્ઞેય ચાલુ છે અને ઇન્દ્રિયજ્ઞાનના ઉપયોગમાં ભેદ જ્ઞેય થાય છે. અને શુદ્ધઉપયોગમાં પાછો અભેદ આત્મા જ્ઞેય થઈ જાય છે. આ સાધકની સ્થિતિ છે.

એ વાત કરે છે. **અંતરદ્રષ્ટિ વડે જોનારને જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ,** વિકાર એટલે વિશેષભાવ. ઉત્પાદ-વ્યય પર્યાય થાય છે ને? નવતત્ત્વ થાય છે. નવતત્ત્વનો ઉલ્લેખ પોતે કરે છે અંતરદ્રષ્ટિવાળો સાધક આત્મા પણ કહે છે, નવતત્ત્વ છે. આહાહા! પર્યાય નથી એમ નથી. મારામાં નથી પણ એનામાં તો એની અસ્તિ છે. પર્યાયની અસ્તિ મારામાં એની નાસ્તિ, આહાહા! એવી મારી અસ્તિ એનો અનુભવ એનું નામ મસ્તી. હવે કહે સવિકલ્પદશામાં **વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમના લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો** એટલે વિશેષ ભાવો **છે.** ઉપચારથી કર્તા પણ છે, રાગનો કર્તાનયે કર્તા છે, અકર્તાનયે સાક્ષી છે. નિર્મળ પર્યાયનો કર્તાનયે એ પણ ઉપચારથી કર્તા છે અને એ ભેદો જ્ઞાનમાં જે જણાય છે એ સાધકને પર્યાયના ભેદો જણાય છે એ વ્યવહારે એનું જ્ઞેય થાય છે. નિશ્ચયે તો જ્ઞાયક જ જ્ઞેય રહે છે.

અજ્ઞાનીએ એ ભેદને નિશ્ચયે જ્ઞેય માન્યું. નિશ્ચયે જ્ઞાયક જ્ઞેય થાય નહીં તો વ્યવહારે જ્ઞેય કહી શકતું નથી. માટે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો. પ્રથમમાં પ્રથમ ભેદને જાણી, ભેદનું લક્ષ છોડી, નવતત્ત્વનું લક્ષ છોડી અને જયાં આત્મદર્શન થાય છે તો તેને નવતત્ત્વ તેમાં દેખાતા નથી. અંદર જાય છે તો નવતત્ત્વ દેખાતા નથી અને બહાર આવે તો નવતત્ત્વ છે એમ જણાય છે. એને હું જાણતો નથી. જણાય પણ જાણે નહીં. એને જાણે તો પર્યાયદ્રષ્ટિ અને જણાય જ નહીં તો સવિકલ્પદશા સિદ્ધ થતી નથી. આહાહા! જણાય છે પણ જાણતો નથી. દેખે છતાં નહીં દેખતો. પ્રતિમાને દેખે છે ઇન્દ્રિયજ્ઞાન. કોણ પ્રતિમાના દર્શન કરે છે? આહાહા!

આ વાત જરા છે ને એ ઊંચા પ્રકારની છે, આ ૧૩મી ગાથા સમ્યગ્દર્શનની છે. આહાહા!

પ્રતિમાની સામે કોણ દર્શન કરે છે? કે બહિર્મુખજ્ઞાન તેને જાણે છે. એ જ સમયે અંતર્મુખજ્ઞાન ભગવાનઆત્માને જાણે છે. એ જ્ઞાન ચેતના પણ છે અને કર્મ ચેતના પણ સાથે સાથે છે. ભાવઇન્દ્રિય છે તે કર્મ ચેતનામાં જાય છે, જ્ઞાન ચેતનામાં નથી જતું. ગુરુદેવે તો ત્યાં સુધી કહ્યું- ગણધરને બાર અંગનો ઉઘાડ. ગણધરપ્રભુ, હોં! એ ભવે તો મોક્ષ છે. ગણધરને બીજો ભવ ન થાય. તે ભવે મોક્ષ. ગૌતમગણધર હોં! એનો બાર અંગનો ઉઘાડ છે ને એ પરસત્તાવલંબનશીલજ્ઞાન એને બંધનું કારણ છે. આહાહા!

હવે તારા જ્ઞાનનો ઉઘાડ અત્યારે તો કાંઇ નથી. મામુલી છે. શું અભિમાન કરી રહ્યો છો? એ તો તારું જ્ઞાન જ નથી પણ, તું તેને જ્ઞાન માનશ તે ભ્રાંતિ છે. આહાહા! એ જ્ઞેયનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી. જ્ઞેયભાવ છે. એક ભાવકભાવ રાગ અને જ્ઞાનનો ઉઘાડ જે છે તે જ્ઞેયનો ભાવ છે. આહાહા! એમ આગમ પોકાર કરે છે, હોં! અને એ ભાવઇન્દ્રિય છે તે અસદ્ભૂત વ્યવહાર છે. આહાહા! જેમ કુમતિ, કુશ્રુત ઉઘાડ છે ને? એમ રાગ છે ને તે અસદ્ભૂતવ્યવહારમાં જાય છે. ઓહો! એ જ્ઞાન મારું નહીં. જે જ્ઞાન મને પ્રસિધ્ધ ન કરે અને એકાંત પરને પ્રસિધ્ધ કરે એ જ્ઞાન આત્માનું ન હોય તેનો સ્વામી આત્મા નથી.

અંતરદ્રષ્ટિ વડે જોનારને આ નવતત્ત્વો સવિકલ્પદશામાં છે, એમ જણાય છે. આહાહા! જાણે છે બીજો અને જણાય છે તે જ્ઞાનમાં જણાય છે, અતીન્દ્રિયજ્ઞાનમાં તેનો પ્રતિભાષ થાય છે. જાણે છે ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયજ્ઞાન અને ઇંદ્રિયજ્ઞાનનો વિષય બેય અતીન્દ્રિયજ્ઞાનમાં પ્રતિભાસરૂપે જણાય છે, લક્ષ વગર જણાય જાય છે. લક્ષ નથી. પરદ્રવ્યથી પરાન્મુખ છે, સવિકલ્પદશામાં, હોં! આહાહા! પરદ્રવ્ય એટલે સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય છે. એમ નિયમસારમાં કહ્યું. આહાહા! હું પરને જાણું છું, હું પરને જાણું છું. હું એટલે કોણ? કે અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા એ પરને જાણતો નથી. હું પરને જાણું છું, તો જાણે છે તો ઇંદ્રિયજ્ઞાન, ઇંદ્રિયજ્ઞાનમાં એને અહમ થઇ ગયું એટલે સામાન્યજ્ઞાનનો તિરોભાવ થાય છે વિશેષ જ્ઞેયાકારજ્ઞાનનો આવિર્ભાવ થઈને અજ્ઞાની થઈ જાય છે. ચાર ગતિમાં રખડે છે.

મુમુક્ષુ: અટકી ગયો.

પૂ. લાલચંદભાઈ: અટકી ગયો, આહાહા! હવે અટક્યો હોય તે પાછો ફરીને પ્રાપ્ત થાય એવી ગાથા ચાલે છે. **એ વિકારહેતુઓ કેવળ અજીવ છે. આવા આ નવ તત્ત્વો, જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને** ભગવાન જે આત્મા છે ત્રિકાળી જ્ઞાયક એમાં તો આ નવતત્ત્વ નથી અને નવતત્ત્વની ઉત્પતિનું કારણ પણ આત્મા નથી. આત્માથી નવતત્ત્વ ઉત્પન્ન થતાં નથી અને કર્મથી પણ ઉત્પન્ન થતાં નથી. થવા યોગ્ય થાય છે. આહાહા! એમ સાધક જાણે છે. અજ્ઞાની એમ માને છે કે હું કરું છું. હું કરું છું અને હું જાણું છું. જાણું છું માટે હું કરું છું. જ્ઞેય બને માટે કર્મ થઈ જાય છે. જ્ઞેય બંધ થઈ જાય, જ્ઞાયક જ્ઞેય થાય તો પર્યાય કર્મ નહીં બને. આહાહા!

**જીવદ્રવ્યના સ્વભાવને છોડીને**, ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવ જીવનો છે એવો નિષ્ક્રિય પરમાત્મા અંદર બિરાજમાન છે. એને છોડીને, આહાહા! **પોતે અને પર જેમના કારણ છે**, પોતે એટલે પર્યાય. પર્યાયનું કારણ પર્યાય છે એ ઉપાદાન છે ક્ષણિક. એને ક્ષણિક ઉપાદાન કહેવાય.

ક્ષણિક ઉપાદાનના બે ભેદ-એક અશુધ્ધ અને એક શુધ્ધ. નવતત્ત્વમાં બે ભેદ છે. પુણ્ય-પાપ, આસ્રવ-બંધ ક્ષણિક અશુધ્ધ ઉપાદાન છે. અને સંવર, નિર્જરા અને મોક્ષ ક્ષણિક શુધ્ધ ઉપાદાન છે. આહાહા! એ પોતે પોતાનું કારણ છે. પર્યાયનું કારણ પર્યાય છે. અશુધ્ધ હો કે શુધ્ધ હો. તેનો રચનારો ભગવાનઆત્મા નથી. આહાહા! જો મોક્ષને રચે તો બંધને રચવાનો દોષ આવી જાય. સંવરને રચે તો આસ્રવ ને રચવાનો દોષ (આવી જાય), રચનારો નથી. રચાય જાય છે તેને કોણ રચે? સ્વયં થાય છે તેને કોણ કરે? આહાહા! થવા યોગ્ય થાય છે. મહા સિધ્ધાંત છે.

ક્ષણિક ઉપાદાનને કોઈ કારણ લાગુ પડતું નથી. નૈમિત્તિકમાં નિમિત્ત હોય, ક્ષણિક ઉપાદાનમાં કોઈ નિમિત્ત ન હોય. સ્વ કે પર કોઈ કારણ નથી. આ નવતત્ત્વમાં આત્મા પણ કારણ નથી ને કર્મ પણ કારણ નથી. સ્વયં ઉત્પન્ન થાય છે, આહાહા! જેમાં રાગાદિની ઉત્પત્તિમાં, અજીવ અધિકારમાં એમ કહ્યું નિસર્ગજ, મિથ્યાત્વ આદિ જે ભાવકર્મ ઉત્પન્ન થાય છે એ નિસર્ગજ સંસ્કૃતનો શબ્દ છે. સ્વયમેવ ઉત્પન્ન થાય છે. નિસર્ગજ એટલે સ્વયમેવ ઉત્પન્ન થાય છે તેનો ઉત્પાદક આત્મા નથી. માને તો મિથ્યાદ્રષ્ટિ થાય. આહાહા! અને એનો ઉત્પાદક કર્મથી થાય તો પણ મિથ્યાદ્રષ્ટિ તો સાંખ્યમતી થઈ ગયો. આહાહા! સ્વયમેવ થાય છે. નિસર્ગજ શબ્દ છે સંસ્કૃતમાં. આમાં છે ને? કાઢો ને? આપણે જોઈ લઈએ. બધાને બતાવી દઈએ. અજીવ અધિકારમાં છે. હા ૪૩ ગાથા છે.

**ટીકા: આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ,** એટલે ઉપયોગ લક્ષણ **નહીં જાણવાને લીધે**, હું જ્ઞાનમય આત્મા છું એમ જાણતો નથી. હું રાગી છું અને હું દ્રેષી છું ને હું દુખી છું ને, આ આવી છે? ભગવાનઆત્મા છે બધા. આપણે એ રાજકોટમાં તો વિશેષતા છે, રાજકોટના સંઘમાં, આહાહા! બધી જાતના જીવો આવે. વોહરા આવે, વાણંદ આવે, દરજી આવે, કોળી આવે બધા આવે. ભગવાનના દરબારમાં તો બધા જાય દિવ્યધ્વનિ છૂટતી હોય તો. કોઈને મનાઈ ન હોય અહિયાં, આહાહા!

પ્રભુ એકવાર તારી વાત સાંભળ તું, તારી વાત તે સાંભળી નથી. કે હું જ્ઞાનમય છું અસાધારણ લક્ષણ મારું છે એ તને ખ્યાલ નથી આવતો કે હું જ્ઞાનમય આત્મા જાણનાર જાણનાર જાણનાર જાણનાર જાણનાર પણ કોનો જાણનાર? કે જાણનાર છે એનો જાણનાર ત્યારે જ્ઞાન પ્રગટ થાય. આનો જાણનાર આત્મા નથી. જ્ઞાન જેનું હોય તેને જાણે. સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિધ્ધ કરે. મકાનને પ્રસિધ્ધ ન કરે. આહાહા!

મુમુક્ષુ: આ જ ભૂલ.

પૂ. લાલચંદભાઈ: મોટામાં મોટી ભૂલ છે એ. દરબાર! જૂના છે ગુરુદેવના (વખતના). આહાહા! ખાનગીમાં ગુરૂદેવ પાસે જાય અને ગુરૂદેવ એને ખૂબ સાંભળે. કહે છે પ્રભુ! એકવાર સાંભળ આત્મા જ્ઞાનમય છે. અને એ જ્ઞાન દ્વારા આત્માને જાણે છે. એવું જ્ઞાન પ્રગટ થાય છે બધાની પાસે. બાળગોપાળ સહુને એવું એક જ્ઞાન પ્રગટ થાય છે કે જેમાં આત્મા જણાય. અને એક પરાવલંબી ઇન્દ્રિયજ્ઞાન અનાદિથી એવું પ્રગટ થાય છે કે પરને પ્રસિધ્ધિ કરે. આહાહા! એ ઇંદ્રિયજ્ઞાનથી ભેદજ્ઞાન કરે તો અનુભવ થઈ જાય.

અહીંયા નિસર્ગજ, જુઓ! **આત્માનું અસાધારણ લક્ષણ** જ્ઞાનલક્ષણ છે, ઉપયોગ લક્ષણ છે.

જેમ સાકરનું લક્ષણ ગળપણ, લીંબુનું લક્ષણ ખટાશ. દરેકનું લક્ષણ હોય ને પદાર્થનું, એના માટે (કહું છું) એટલે લક્ષણ ખબર પડે ને લક્ષણથી? **લક્ષણ નહીં જાણવાને લીધે નપુંસકપણે**, આહાહા! પુરુષાર્થહીન થઈ ગયો છે બિલકુલ. હું રાગી છું અને હું દ્વેષી છું ને હું દુખી છું ને હવે મને કર્મનો બંધ થયો છે ને, કર્મનો ઉદય આવે છે ને હું એમાં જોડાવ છું ને પાછો રાગ થાય છે ને પાછું કર્મબંધ થાય છે. એ એમ વસ્તુના સ્વભાવમાં નથી, અજ્ઞાનીને ભાસે છે એવો આત્મા નથી. જ્ઞાનીને જ્ઞાનમાં અનુભવમાં આવે છે એવો આત્મા છે. **નપુંસકપણે,** આહાહા! **અત્યંત વિમૂઢ થયા થકા**, એકલો વિમૂઢ નહીં, જ્ઞાન બિડાઈ ગયું છે.

હું કોણ છું અને મારું લક્ષણ શું છે એ જાણતો નથી. લક્ષને તો જાણતો નથી પણ અસાધારણ લક્ષણને પણ જાણતો નથી. ત્યાંથી વાત શરૂ કરી છે. બેન! આત્માને તો જાણતો નથી પણ આત્માનું લક્ષણ જે પ્રગટ જાણવું જાણવું જાણવું જાણવું જાણવું, આહાહા! એમાં કરવું કરવું કરવું ક્યાંય આવતું નથી. ખૂબ શોધ્યું, જ્ઞાનીઓએ શોધ બહુ કરી કે જ્ઞાનમાં જાણવું જાણવું જાણવું જાણવું કહે છે સર્વજ્ઞ ભગવાન તો લાવ તો ખરો જાણી લઉં જરાક, એમાં ક્યાંય કરવું આવે છે રાગનું? અંદર જઈને જોયું પણ તેમાં રાગનું કરવું ક્યાંય દેખાતું નથી. બહાર આવીને જગતને કહે છે કે જાણનાર છે, કરનાર નથી. અંદર જોઈને એ કહે છે. શાસ્ત્ર વાંચીને કહેતા નથી. અનુભવી અનુભવ કરીને કહે છે કે આત્મા જાણનાર છે કરનાર નથી. છોડી દે તારું અભિમાન. આહાહા! "હું કરું હું કરું એ જ અજ્ઞાન છે શકટનો ભાર જેમ શ્વાન તાણે. સૃષ્ટિ મંડાણ એની પેરે કોઈ યોગી યોગીશ્વરા જાણે". કોઈ સાધક અને કોઈ પરમાત્મા, બન્ને લીધા. આહાહા! યોગી એટલે સાધક, યોગી એટલે ઉપયોગને આત્મામાં જોડવું તેનું નામ યોગ છે અને જોડાય જાય તો તેનું નામ યોગી છે. જોડે તો યોગ અને જોડાય જાય તો યોગી. અનન્ય થઈને જ્ઞેય થાય તો યોગી થઈ ગયો. આ કપડાં કાઢી નાખે તે યોગી બોગીની કાંઈ વાત નથી.

અહી તો સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા દેખ્યો એની વાત ચાલે છે. **નહીં જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,** આહાહા! ભગવાનઆત્માના લક્ષણને ભૂલ્યો. લક્ષણને ભૂલે છે એને લક્ષ ખ્યાલમાં આવતું નથી. પહેલાં લક્ષણ ખ્યાલમાં આવે છે અને લક્ષણથી લક્ષનું અનુમાન થઈ જાય છે અને અનુમાન પછી અનુભવ થઈ જાય છે. આહાહા! એમ કળશટીકામાં કહ્યું છે. છે ને કળશટીકા? આઠમો કળશ છે. અહી કળશટીકા નહીં હોય. (મુમુક્ષુ: છે ને, છે ને.) છે કળશટીકા? લાવો લાવો હોય તો કળશટીકા. લક્ષણ પ્રગટ છે બધાની પાસે, ઉપયોગ લક્ષણ પ્રગટ છે અને એ લક્ષણમાં આત્મા જણાય રહ્યો છે. આત્મા જણાય છે અને રાગાદિ અને દેહાદિ એમાં જણાતા નથી. આત્મા પણ જણાય અને ઓને પણ જણાય એમ છે નહીં.

ઉપયોગમાં ઉપયોગ છે ઉપયોગમાં રાગાદિ નથી. માટે રાગ જણાતો નથી. એને જાણવું એ જ્ઞાનના સ્વભાવમાં નથી. અભેદ થઈને આત્માને જાણવો એ ઉપયોગનો સ્વભાવ છે. મોટી ભ્રાંતિ. જો મળે તો ઠીક છે. આ બહેનોને જવા દેજો જરા. જરા સાંકડ-મોકડ બેસો. સજ્જનની સાંકડ સારી છે. સજ્જનની સાંકડ પણ સારી છે. આહાહા! અસાધારણ લક્ષણને પણ જાણતો નથી. આત્માને તો જાણતો નથી પણ આત્માના લક્ષણને પણ જાણતો નથી. સાકરને તો જાણતો નથી પણ સાકર ગળી

હોય એમ પણ જાણતો નથી. આઠમો કળશ છે.

**વળી કેવી છે આત્મજયોતિ?** જ્યોતિ કેમ? કે જ્ઞાનસ્વભાવ છે ને? જેમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે એટલે સ્વ-પર પ્રકાશક પણ કહેવાય છે. પણ સ્વ-પરનું લક્ષ હોય નહીં. લક્ષ એકનું જ હોય. આત્માના લક્ષવાળાને પરનું લક્ષ છૂટી ગયું છે. આહાહા! અને જેને આત્માનું લક્ષ નથી એને એકાંત પરનું જ લક્ષ હોય છે. આત્મજયોતિ કેવી છે? **“ઉન્નીયમાનં"** સંસ્કૃતમાં શબ્દ છે. **ચેતનાલક્ષણથી જણાય છે**. જ્ઞાનલક્ષણથી જણાય છે. જણાશે લખ્યું નથી. જણાય છે. **તેથી અનુમાનગોચર પણ છે.** લક્ષણને જાણીને આ લક્ષણ કોનું છે એમ વિચાર કરવા જાય... પ્રકાશને જાણતા આ પ્રકાશ કોનો છે? આ તો સૂર્યનો પ્રકાશ છે. તો સૂર્ય દ્રષ્ટિગોચર થઈ જાય. આહાહા! એમ.

અનુમાનગોચર છે. **હવે બીજો પક્ષ, 'ઉદ્યોતમાનમ', પ્રત્યક્ષ** તો **જ્ઞાનગોચર છે**. ઓલું અનુમાનગોચર છે, અનુભવ પહેલાં અનુમાનમાં આવી જાય છે આત્મા. આહાહા! એકલો પ્રતિભાસ નથી. પ્રતિભાસથી કાંઈક વિશેષતા પણ છે. આહાહા! એને પરોક્ષ અનુભૂતિ થાય છે. એને સવિકલ્પ સ્વસંવેદન કહેવાય છે. જાણનારો જણાય છે, જાણનારો જણાય છે ત્યાં પરોક્ષમાં આવી જાય છે. આ જણાય છે તેમાં પ્રત્યક્ષ પણ ગયું અને પરોક્ષ પણ ગયું, અજ્ઞાન ઊભું થયું. આ જણાય છે આ જણાય છે આ જણાય છે. આહાહા! એના જ્ઞાનમાં જણાય છે આત્મા અને માને છે આ જણાય છે, મોટી ભ્રાંતિ છે. આહાહા!

હવે એનો અર્થ કરે છે. **ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ** આત્મા જેમાં જ્ઞાન અને આનંદ ભર્યો છે એવો ભગવાન આત્મા **ભેદબુદ્ધિ કરતાં** એટલે ગુણ અને ગુણી એનો ભેદ કરીને જોતાં **જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે**. ઉપયોગ લક્ષણથી એ જીવને જાણે છે. એ રાગને અને દેહને ઉપયોગ જાણતો નથી. આહાહા! એવું લક્ષણ નથી કે એ પરને પ્રસિદ્ધ કરે. એવું લક્ષણ નથી કે સ્વને પ્રસિદ્ધ કર્યા વિના રહે. બાળગોપાળ સહુને ભગવાન આત્મા તેના પ્રત્યક્ષ લક્ષણમાં જણાય રહ્યો છે. અનુભવમાં આવી રહ્યો છે. વિશ્વાસ નથી એને. આહાહા!

**ભેદબુદ્ધિ કરતાં** ગુણ-ગુણીનો ભેદ કર્યો ને? કે આ લક્ષણ છે અને આ લક્ષ છે. એટલો ભેદ પાડયો ને? **કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે**. એકાંતે સ્વપ્રકાશક છે. પરપ્રકાશક નથી. અને સ્વ-પરપ્રકાશકનો વ્યવહાર વ્યવહારના ઘરમાં જાય છે. નિશ્ચય આત્મામાં આવી જાય છે. આહાહા! **ચેતનાલક્ષણથી જીવને જાણે છે**, એમ. જાણશે નહીં, જાણ્યા જ કરે છે. એવો એક ઉપયોગ પ્રગટ થાય છે કે જેમાં આત્મા, બધાની વાત ચાલે છે, હોં! એ જ્ઞાનમાં લક્ષણમાં આત્મા જણાયા કરે છે. કેમકે લક્ષણ અને લક્ષ્ય, નામ ભેદે ભેદ છે, લક્ષણ ભેદે ભેદ છે, પ્રયોજન ભેદે ભેદ છે પણ વસ્તુ તો એક છે, પ્રકાશ અને પ્રકાશક સુર્ય તો એક જ છે. આહાહા! અરે! જ્ઞાનની પર્યાયના સ્વપ્રકાશકના પક્ષમાં જો આવશે તો સ્વપ્રકાશક થઈ જશે. એક દ્રવ્ય સ્વભાવનો પક્ષ અને એક જ્ઞાનની પર્યાયનો પક્ષ. પક્ષના બે પ્રકાર છે. શું કહ્યું?

આ જ્ઞાનની પર્યાયનો ધર્મ કેવળ આત્માને જાણવાનો છે અને પરને જાણવાનો નથી કેમકે 'પરલક્ષ અભાવાત' પરના લક્ષે આત્મજ્ઞાન કદી ત્રણકાળમાં પ્રગટ ન થાય. આહાહા! અરે! અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થવા પહેલાં જે ઉપયોગ પ્રગટ થાય છે તેને પણ પરનું લક્ષ નથી અને સ્વમાં

અભેદ થઈને લક્ષણ થયું નથી, હજી વાર છે, ઈ તો થઈ જશે. આહાહા! **જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે**, હોં! **વસ્તુ વિચારતાં**, આહાહા! અભેદની નજર કરવામાં આવે તો આટલો ભેદ, **એટલો વિકલ્પ** એટલે ભેદ **પણ જૂઠો છે**.

જ્ઞાનથી આત્મા જણાય, કહે છે જ્ઞાન વડે પરને જાણે છે એ તો અહીંયા વાત, એ તો જ્ઞાનનો સ્વભાવ જ નથી. પણ જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવાનો છે પણ આત્માને પ્રત્યક્ષ થઈને ન જણાય તેની પહેલાં પરોક્ષપણે જ્ઞાન આત્માને જાણતું જ પ્રગટ થાય છે. અને પરને નહીં જાણતું પ્રગટ થાય છે. એવું એક સામાન્યજ્ઞાન પ્રગટ થાય છે અંદરમાં. આહાહા! **એટલો વિકલ્પ પણ જૂઠો છે**. જ્ઞાન આત્માને જાણે છે એટલો ભેદ પણ જૂઠો છે એટલે કે એમાં અનુભૂતિ થતી નથી.

**શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે**. આહાહા! હું તો જાણનાર છું. જાણનારને જાણું છું એમ પણ નથી. પરને જાણું છું એ વાત તો જ્ઞાનમાં છે જ નહીં. અજ્ઞાનમાં ગઈ. શું કહ્યું? જ્ઞાન પરને જાણે છે એ વાત અજ્ઞાનમાં ગઈ અને જ્ઞાનમાં આત્મા જણાય છે એ પરોક્ષમાં રહી, પછી અભેદ થયો તો પ્રત્યક્ષમાં આવી જાય છે. આહાહા! એકાંત થઈ જશે એકાંત, એકાંત સમ્યક્ એકાંત થશે. તને અનુભવ થશે. જ્ઞાયક નથી પર તણો. જેમ સેટિકા ભીંતને સફેદ કરતી નથી એમ જાણનાર પરને જાણતો નથી. શલ્ય મોટું છે, અમને ખબર છે બધી. આહાહા! બહુ ઉહાપોહ થયો હતો આઠ વર્ષ પહેલાં. આત્મા પરને જાણતો નથી, જાણનાર જણાય છે. એક મુમુક્ષુ બેન આવીને કહે ભાઈ! આ તમારી હિંમત કેમ ચાલી? પ્રમોદ બતાવ્યો. એને ગમ્યું, એને ગમ્યું. ભાઈ! આ તમારી હિંમત કેમ ચાલી? કેમકે એમાં અનુભવ થાય છે માટે હિંમત ચાલી, લે! સાંભળ. આહાહા! બેન હતા. હોં! અહીં બેઠા છે. નામ નહીં આપું. એક આઠ વર્ષ પહેલાં એવો બનાવ બની ગયો. એકદમ પ્રહાર કર્યો અજ્ઞાન ઉપર, હોં!

એક મોટી ભૂલ હું પરને જાણું છું, પરને જાણું છું, આહાહા! જાણતો જ નથી તું, એને જાણનારો તું નથી. એને જાણનારો બીજો છે, બીજો બીજાને જાણે છે હું મને જાણું છું. લઈ લે ને બે ભાગ પાડી નાખ ને ઝટ. છે તો ભાગ. આહાહા! જ્ઞાન આત્માને જાણે છે એટલો ભેદ પણ પોસાતો નથી. તો જ્ઞાન પરને જાણે છે એમાં અનુભવ તો ન થાય પણ સમ્યક્ની સન્મુખ પણ ન થાય, એ તો પ્યોર અજ્ઞાન છે. ચોખ્ખું અજ્ઞાન. આહાહા! એ જ્ઞાની છે કે અજ્ઞાની? પૂછી જોવું. ભાઈ! આત્મા પરને જાણે તો છે જ ને? કે હા, પરને તો ચોક્કસ જાણે છે. બહાર નીકળી જાય. સમજાય ગયું, પરીક્ષા થઈ ગઈ.

આ તો આત્માનો અનુભવ સાક્ષાત્ થઈ અને સમ્યગ્દર્શન આત્મદર્શન કેમ થાય એની આ ગાથા છે. આહાહા! અને જ્યારે નિશ્ચયનું પ્રતિપાદન થતું હોય ને ત્યારે નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કર્યા વિના રહેતી નથી, એનો ધર્મ છે. એમ આચાર્ય ભગવાને કહ્યું છે કે તું નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ કરજે. આહાહા! જેમ પરાશ્રિત અધ્યવસાન છોડાવ્યું છે, આચાર્ય ભગવાન લખે છે એના ઉપરથી તો અમે એમ જાણીએ છીએ કે પરાશ્રિત વ્યવહાર સઘળોય છોડાવ્યો છે. આહાહા! રહી ગયું ને પાછું થોડુંક બાકી રહી ગયું, આટલું રહી ગયું.

**તાત્ત્વિક (પરમાર્થ ભૂત) આત્માને નહીં જાણતા એવા ઘણા અજ્ઞાની જનો** ઘણા

અજ્ઞાનીજનો **બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે, બકે છે.** બકે છે, બકવાટ છે એનો. દારૂ પીધો હોય ને તેનું કાઈ ઠેકાણું કાઈ ન ઠેકાણું હોય. કોઈ વાર માંને માં કહે, કોઈ વાર માંને આ મારી પત્ની છે એમ કહી દયે. કાઈ ઠેકાણું ન હોય, એમ બકે છે. એને ક્યાં ફાળો કરવો છે સંતોને. નગ્ન દિગંબરમુનિને કટકો પણ કપડાંનો જોઈતો નથી. સત્યનું પ્રતિપાદન કરે છે. આહાહા! કરુણા આવી છે ને? એ દોષમાં આવે અને આપણને ફાયદો થઈ જાય. આપણને ફાયદો થઈ જાય.

નિર્વિકલ્પ ધ્યાનમાંથી સવિકલ્પમાં આવે ત્યારે અંતરજલ્પ અને બહિરજલ્પનો વ્યવહાર આવે ને? આહાહા! **કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક** નિસર્ગજ છે. જુઓ મૂળમાં. **સ્વાભાવિક અર્થાત સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે,** આત્મા વડે રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં નથી. ચોખો પાઠ છે. હું રાગને કરું છું, કે રાગને હું કરું છું. બરાબર છે, નહીંતર સ્વચ્છંદી થઈ જશે. એમ વ્યવહારના પક્ષવાળા મૂઢ અજ્ઞાની જીવ બકે છે. આહાહા! બકવાટ છે એનો. એ વાત સાંભળવા જેવી નથી. આત્મા રાગને કરે? ઓલા ગણેશ પટેલ કહે અરે! પરમાત્મા! આ પરમાત્મા! આ રાગને કરે? આ ક્યાંથી આવ્યું કહે, બોલો! ગણેશ, હોં! મોટો વ્યાપારી છે બકાલાનો (શાકનો) કેરીનો મોટો વ્યાપારી છે. સુખી પૈસાવાળા છે, પૈસાવાળા માણસ છે. અરે! આ પરમાત્મા અંદર બિરાજમાન છે એ રાગને કરે? આહાહા! શોભતું નથી કહે, આ વાણી, એમ કહ્યું.

સ્વ-પરનું અત્યંત બુરું કરનારી વાણી છે. આહાહા! અરે જ્ઞાનને કરે એ પણ કથંચિત્ છે. એ પોસાતું નથી. આહાહા! રાગ સ્વયં થાય છે. આ ગાથા છે ૪૩ મી. ૪૩ નંબરની ગાથા સમયસારની, હોં! સ્વયમેવ ઉત્પન્ન થાય છે, આહાહા! **સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન તે જ જીવ છે** એમ માને છે, રાગને જીવ માને છે. જે સ્વયં ઉત્પન્ન થાય છે. આત્મા રાગને કરતો હોય તો તો જીવ થઈ જાય પણ આત્મા રાગને કરતો નથી. માટે અજીવપણે રહે છે, જીવ થતો નથી. છે ટાઇમ હજી. શું કહે છે? અંતરદ્રષ્ટિ વડે જોનારને, સાધક જુએ છે નવતત્ત્વ છે. **આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને,** એટલે નવ છે તે આત્માને આશ્રયે થતાં નથી. આત્મા એનો કર્તા પણ નથી ને આત્મા એનું નિમિત્ત પણ નથી. કારણ પણ નથી અને કર્તા પણ નથી.

કર્તા એ તન્મય થાય તો કરે અને જો નિમિત્ત કર્તા હોય તો નિત્ય નિમિત્તકર્તાનો દોષ આવે. કોઈ કાળે એનો અભાવ ન થાય. અરે! જ્ઞાતા પણ નથી તો કર્તાની વાત તો ક્યાં રહી, પ્રભુ! સાંભળ તો ખરો તું સર્વજ્ઞની વાત. રાગને જાણે તો કર્તા અકર્તાનો પ્રશ્ન આવે. રાગ જ્ઞાનનું જ્ઞેય થતું નથી, જ્ઞાનનું જ્ઞેય તો આત્મા થાય છે. આહાહા! તો પછી હું કરું છું એ વાત રહેતી નથી. આ હાથ હલે છે, હલાવતું નથી કોઈ, પોતે હલે છે સ્વયં. કહે છે કે આ હાથ મને જ્ઞાનનું જ્ઞેય થતું નથી તો હાથ હલાવું કે આ હલતા હાથને રોકું એ વાત રહેતી નથી. આ ક્યાંની વાત છે કે શું કરો છો? કે અંદર જવા માટેની વાત છે. કર્તાબુદ્ધિ છૂટી જાય છે ને જ્ઞાતાબુદ્ધિ છૂટી જાય છે ને જ્ઞાયકનો જ્ઞાતા અભેદ થઈને અનુભવ થઈ જાય છે.

**આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમના કારણ છે,** પર્યાયનું કારણ પર્યાય ઉપાદાન, ક્ષણિક ઉપાદાન કહ્યું ને? બે પ્રકારના. એક ઉપાદાન કારણ પર્યાયનું કારણ પર્યાય અને નિમિત્ત કારણ પરપદાર્થ. **પર જેમના કારણ છે**. સ્વ તો કારણ નથી.

આત્મા એનું નિમિત્ત કારણ નથી, એનો નિષેધ કરવા માટે પર કારણ છે એમ કહેવું પડે છે. ખરેખર કારણની અપેક્ષા એને નથી. સત્ને કારણની અપેક્ષા ન હોય. નિરપેક્ષ તત્ત્વ છે એ તો. **એવા એક દ્રવ્યના પર્યાયોપણે,** જીવના પર્યાયોપણે અને અજીવના પર્યાયોપણે, બેયની પર્યાયો થાય છે ને? **પર્યાયોપણે અનુભવ** કરતાં**,** અનુભવ એટલે જાણતા **કરવામાં આવતાં ભુતાર્થ છે અને સર્વ કાળે**, આહાહા! છે, પર્યાયો છે. છે પણ મારામાં નથી. આહાહા!

હવે કહે છે, આગળ વધે છે. આ જ્ઞાનના જ્ઞેયમાંથી કાઢે છે. જ્ઞાનનું જ્ઞેય નવતત્ત્વ નથી. **સર્વ કાળે અસ્ખલિત**, આહાહા! અસ્ખલિત એટલે સ્ખલના થતી નથી. આત્મા ચેતનપણું પોતાના સ્વભાવને છોડતું નથી અને કોઈ કાળે રાગરૂપે કે અચેતનરૂપ થતું નથી. એને અસ્ખલના કહે છે. સ્ખલના ન થાય. આહાહા! 'જડ ભાવે જડ પરિણમે ચેતન ચેતન ભાવ, કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ.' ચેતન પોતાના આત્માના સ્વભાવને છોડતું નથી. સર્વકાળે, સર્વકાળ લીધો, હોં! અનાદિ અનંત. આહાહા! એ જ્ઞાયક શુભાશુભરૂપે થતો નથી. જ્ઞાયકભાવ જે છે સદાકાળ એ કોઈ કાળે શુભાશુભરૂપે થતો નથી. દુખરૂપે થતો નથી ને દુખને ભોગવતો નથી. આજ સુધી ભગવાનઆત્માએ દુખ ભોગવ્યું નથી.

અત્યારે શ્રેણિક મહારાજા નરકના ક્ષેત્રમાં છે. બાહ્ય ક્ષેત્ર નરકનું, અંતર ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશ આત્મામાં છે એ તો. અને દુખ બહાર છે એને ભોગવતાં નથી. ભોગવતાં તો નથી પણ એને જાણતા પણ નથી. એમ સાધક જાણે છે અહી બેઠા બેઠા. આહાહા! અમારા શ્રેણિક મહારાજા દુખને ભોગવતાં તો નથી પણ દુખને જાણતા નથી. કેમકે જાણનારને જાણવારૂપે પરિણમી ગયા છે. આહાહા! ભલે એનો પ્રતિભાસ થાય પણ એનું લક્ષ નથી. લક્ષ નથી માટે ખરેખર જાણતા નથી. લક્ષવાળાને જાણતા કહો. ત્યાં બીજા મિથ્યાદ્રષ્ટિ છે, દુખને ભોગવે છે અને દુખને જાણે છે કે લક્ષ ત્યાં છે એનું. અમારા ભાવિ ભગવાન તીર્થંકર પરમાત્મા પદ્મનાભ, શું નામ? મહાપદ્મપ્રભુ થવાના છે. પહેલાં તીર્થંકર, હોં! અમારા પરમાત્મા દુખને ભોગવતાં નથી. અને દુખને જાણતા પણ નથી. એની પાસે એવું જ્ઞાન નથી કે દુખને જાણે. એક જ્ઞાન એવું છે કે દુખને જાણે, એ જ્ઞાન એનું નથી.

જે જ્ઞાનમાં આત્મા જણાય છે અને જાણે છે. એ અમારા પ્રભુ છે. એ સમ્યગ્દ્રષ્ટિ છે, ચોથા ગુણસ્થાને છે હજી. આ તો ભેદજ્ઞાનની વાત છે. એ જ્ઞાની જ્ઞાનમાં જ છે. નરકમાં છે નહીં. એ તો સંયોગનું જ્ઞાન કરાવ્યું છે. બાકી કાંઈ છે નહીં. પૂર્વે આયુષ્ય બંધાય ગયું હતું, પૂર્વે દોષ થયો હતો, આયુષ્ય બંધાય ગયું, આહાહા! પછી એને ત્યાં ૮૪૦૦૦ વર્ષનું આયુષ્ય છે અત્યારે. ત્યાંથી નીકળીને પરમાત્મા થશે. દિવ્યધ્વનિ છૂટશે, લાખો જીવ પામી જાશે એના નિમિત્તે. એના નિમિત્તે લાખો (જીવ) પામવાના છે. આહાહા! અહીંના ૨૪ તીર્થંકરમાં પહેલા તીર્થંકર અહીંના. સમંતભદ્ર સ્વામી થઈ ગયા છે મુનિરાજ, તે ૨૩ માં તીર્થંકર થવાના છે અહિયાં. અહિયાં ભરતક્ષેત્રમાં, એ ભરતક્ષેત્રમાં તીર્થંકર થવાના. આહાહા! આમ પરંપરા ચાલ્યા જ કરે છે. એવી અનંત ચોવીસી ગઈ.

**સર્વ કાળે અસ્ખલિત** ચેતન પોતાના નિજભાવને છોડતું નથી ને પરભાવરૂપે થતું નથી. આહાહા! **એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને** જોવામાં આવે**,** પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યસ્વભાવનું લક્ષ કરીને જોવામાં આવે તો, તો શું છે? **અનુભવ કરવામાં આવતાં તેઓ**

**અભૂતાર્થ અને અસત્યાર્થ છે.** આત્માના એકાકાર સ્વરૂપમાં નવ ભેદ દેખાતા નથી. ગુણ-ગુણીનો ભેદ દેખાતો નથી, દ્વૈત ભાસતું નથી તો નવનાં ભેદ તો ક્યાંથી ભાસે? આહાહા! પ્રતિભાસ છે પણ લક્ષ નથી. લક્ષ નથી માટે જાણતા નથી. આહાહા! લોકાલોક પ્રતિભાસે છે જ્ઞાનમાં. સાધકને પણ, દેડકાને પણ. હા પણ લક્ષ લોકાલોક ઉપર એનું નથી. આહાહા! પ્રતિભાસ દેખીને કહે કે એને જાણે છે, એવો ઉપચાર પણ આવે, આહાહા!

એ ઉપચારના કથન, વ્યવહારના કથન, સાચા લાગે છે ત્યાં સુધી નિશ્ચયમાં એ આવી શકે નહીં. **તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં,** માં છે ને માં, માં શબ્દ પડ્યો છે. પર્યાયોમાં દ્રવ્ય રહેલું છે. એ પર્યાયોમાં દ્રવ્ય રહેલું છે પણ પર્યાયથી ભિન્ન રહેલું છે. એ પર્યાયરૂપ દ્રવ્ય થતું નથી. સોનાના નવ ઘાટ હોય, નવ ઘાટમાં સોનું રહેલું છે. પણ સોનું કાંઇ નવ ઘાટરૂપે થતું નથી. જો નવ ઘાટરૂપે થાય તો ઘાટનો નાશ થતાં સોનાનો નાશ થઈ જાય પણ એમ તો અનુભવમાં આવતું નથી. **તેથી આ નવે તત્ત્વોમાં ભુતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.** આહાહા!

એ પારિણામિકભાવના ત્રણ પ્રકાર કહેશે. એમાં જીવતત્ત્વ વિધમાન છે, એમ આવશે. એમાં પણ માં માં આવશે. આહાહા! નવતત્ત્વોમાં એટલે નવ પર્યાયોમાં, પર્યાય એટલે અવસ્થા, હાલત, પરિણામ એને પર્યાય કહેવાય. નવતત્ત્વમાં ભુતાર્થનયથી, ભુતાર્થનયથી અંતરમાં જઇને દ્રવ્યસામાન્ય જ્ઞાનનું જ્યારે જ્ઞેય થાય છે, જ્ઞાનનું જ્ઞેય અભેદપણે જ્ઞાયક થાય છે જ્યારે, ત્યારે, ત્યારે શું છે? એક જીવ જ પ્રકાશમાન છે. નવતત્ત્વ દેખાતા નથી. દેખાતા નથી કેમકે એનું લક્ષ નથી. પ્રતિભાસનો અભાવ નથી લક્ષનો અભાવ છે. આહાહા!

પ્રતિભાસ તો લોકલોકનો થાય છે. બધાને જ્ઞાની અજ્ઞાની બેયને. પણ અજ્ઞાનીનું લક્ષ પરના પ્રતિભાસ ઉપર જાય છે. અને જ્ઞાની થાય, થવાનો હોય તો એનું લક્ષ જ્ઞાયકના પ્રતિભાસ ઉપર થતાં જ આવિર્ભાવ થઈને અનુભવ થઈ જાય છે.

મુમુક્ષુ: ઝીણું તો લાગે.

પૂ. લાલચંદભાઈ: પણ આત્મા જ જીણો છે, દરબાર! ગુરૂદેવ કહેતા હતા આત્મા જ સૂક્ષ્મ છે, તો ઉપયોગને જરા સૂક્ષ્મ કરે તો સમજાય. રોકાયેલો ઉપયોગ હોયને ક્યાંક બહાર એ સ્થૂળ થઈ જાય. શું કહ્યું દરબાર? ઉપયોગ ક્યાંક બહાર રોકાતો હોય, બધાને માટેની વાત છે, હોં! દરબારનું તો નામ, ઉપયોગ બહાર રોકાય, જગદીશ! કપડામાં રોકાતો હોય તો સ્થૂળ થઈ જાય. પણ એ કપડાનું લક્ષ છોડીને, આહાહા! આ ઉપયોગમાં તો આત્મા જણાય રહ્યો છે, આત્મા જણાય રહ્યો છે. જાણનાર જણાય છે, જાણનાર જણાય છે, એમ થોડીક વાર, થોડીક વાર છે, હોં! પ્રવીણભાઈ! ઝાઝી વાર નહીં. થોડીક વાર થાય તો ઉપયોગસૂક્ષ્મ થવા માંડે. સૂક્ષ્મ થતો થતો સૂક્ષ્મ થઈને સૂક્ષ્મને પકડી લ્યે છે. ત્રિકાલી દ્રવ્યને પકડી લ્યે છે. આહાહા! બેન કહે છે સાચી વાત છે.

આ તો સમયસાર તો સમયસાર છે, અદ્‌ભુત કોઈ રચના થઈ ગઈ છે. અમે રચના કરી નથી, હોં! મોહી પ્રાણી તમે એમ ન માનશો કે અમૃતચંદ્ર આચાર્યે ટીકા કરી છે, એમ ન માનતા. થવા યોગ્ય થયું છે. આહાહા! એમ તમે જાણજો. મે કર્યું છે, મારા ઉપર કર્તાનો આરોપ મુકશો તો તમે કર્તા બની જશો. મને કાંઇ વાંધો નથી, હું તો કર્તા થવાનો જ નથી. હું તો કર્તા થવાનો નથી પણ તમે મને

કર્તાપણે દેખશો, એક દ્રવ્યને પણ જો તમે કર્તાપણે દેખશો તો તમારી ... કર્તાબુધ્ધિ છૂટશે નહીં. ભાઈસાહેબ! દિલ્હીવાળા, ખ્યાલમાં આવ્યું કાંઈ? આવી ગયું?

એક દ્રવ્ય પણ પરદ્રવ્યના પરિણામને કરે છે, પુદગલની રચના કરે છે, એક આત્મા પણ એને કરે છે એમ જો તે લક્ષમાં લીધું તો તારી કર્તાબુધ્ધિ થશે, એ તો જ્ઞાતા થઈને ચાલ્યા જશે. પણ એનું નામ લઈને તું... અમૃતચંદ્ર આચાર્યે કેવી ટીકા કરી. એ તો વ્યવહારના વચનો છે. કરે કોણ? એને જાણતા પણ નથી તો કરે ક્યાંથી? અદ્‌ભુત વાતો છે. **તેથી આ નવે તત્ત્વોમાં ભુતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.** એક જીવ સિવાય બીજા નવતત્ત્વોના કાંઈ ભેદ દેખાતા નથી, આ પુણ્યતત્ત્વ ને આ પાપતત્ત્વ ને આ સંવર ને નિર્જરા કાંઈ ભેદ દેખાતા નથી. સંવરના ભેદને જો દેખે તો આસ્રવની ઉત્પત્તિ થાય. શું કહ્યું? અને સંવર આત્મારૂપે અનુભવમાં આવે તો આસ્રવની ઉત્પત્તિ ન થાય. સંવરના ભેદને જુએ ને સાધક તોપણ એને શુભભાવ થાય. આહાહા!

ભેદને જાણતા રાગીપ્રાણીને રાગ થયા વિના રહેતો નથી. માટે અભેદને જાણ તું. તો વીતરાગીદ્રષ્ટિ થશે અને થોડા ટાઇમમાં સાક્ષાત્ વીતરાગ થઈ જશે. **એમ તે, એકપણે પ્રકાશતો,** હોં! 'એકો હમ' **એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે.** આવો જે અનુભવ થાય, ઉપયોગ અંદરમાં ગયો અને જ્ઞાયક દ્રવ્યસ્વભાવની સમીપે ગયો, પર્યાયના ભેદથી ખસી ગયો, ત્યાંથી લક્ષ છૂટ્યું, લક્ષ ફરે છે. પર્યાય પર્યાયમાં રહી ગઈ, પર્યાય પર્યાયમાં રહી ગઈ. લક્ષ ફરી જાય છે. પર્યાયને ટાળવી નથી. લક્ષને ફેરવવું નથી ફરી જાય છે. એમ કહ્યું. જાણનાર જણાય છે ત્યાં લક્ષ ફરી જાય છે. લક્ષ ફેરવતો નથી, ફેરવે કોણ લક્ષને. પછી ઉપદેશ બોધમાં એમ આવે કે પર તરફ લક્ષ છે તેને અંદરમાં વાળ.

એ બધું ઉપદેશના કથનો(માં આવે). સિધ્ધાંત બોધ જુદો અને ઉપદેશબોધ જુદો છે. **(આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.** આત્માની જે પ્રસિધ્ધિ છે, અંદરમાં અનુભવ થયો આનંદ આવ્યો, આહાહા! આત્માને નીહાળ્યો ભગવાનના દર્શન થયા, પરમાત્માના દર્શન થયા. બાળકને કહે છે ને, કે જો ભગવાનના દર્શન કરવા જઈશને તો તને ધર્મ થશે. એમ બાળકોને કહે ને? વાત સાચી છે. ભગવાનના દર્શન કરીશને તો તને ધર્મ થશે. પણ આ ભગવાનના દર્શન કરીશ તો ધર્મ થશે. આહાહા! ઓલા ભગવાનના દર્શન તો નિમિત્તમાત્ર છે. પણ એ દર્શન કરવા જઈશ, ઓહો! આ ભગવાન! હું પણ તમારા જેવો છું. હું પણ તમારા જેવો છું. વિસ્મરણ મારું થઈ ગયું હતું, તમારી પ્રતિમાના દર્શન કરતાં મારું મને સ્મરણ આવે છે. તમને અમે દર્શન કરવા આવીએ તમે તો અમારી સામે પણ જોતાં નથી. હેં! છતાં અમે અમારા લોભને ખાતર, શું લોભ? કે જે આત્મા વિસ્મરણ થઈ ગયો હતો, ચોવીસ કલાક વેપારમાં રહેતા અને દર્શન કરવા ગયો, ઓહોહો!

પરમાત્મા અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતાં મારું સ્વરૂપ પણ એવું છે. વિસ્મરણનું સ્મરણ આવે છે. સ્મરણ આવીને ત્યાંથી લક્ષ છૂટી જાય છે. અને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જેવો હું છું એવો ભેદ નીકળીને અનુભવ થઈ જાય છે. માટે પ્રતિમા બરાબર છે. પ્રતિમાનો વ્યવહાર પણ યથા સ્થાને છે, એમ. આત્માના સ્મરણ માટે છે. ત્યાં જઈએ તો શુભભાવ થાય અને પુણ્ય બંધાય ને

પૈસા મળે એવું કાંઈ છે નહીં. એ તો અજ્ઞાનમાં જાય છે. **ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે**. લ્યો! આ ટીકા પૂરી થઈ. ભાવાર્થ કાલ આવશે.

ॐ